## ડિસેમ્બર ૨૦૧૭ સુધી બેંકિંગ ક્ષેત્રની કુલ એનપીએ રૂ. ૮.૩૧ લાખ કરોડ

# જાહેર ક્ષેત્રની બેંકોની ચાલુ વર્ષની કુલ ખોટ અધધ રૂ. ૮૭ હજાર કરોડે પહોંચી

નવી દિલ્હી, તા. ૧૦

દેશની બેંકિંગ વ્યવસ્થાની હાલત દિવસે ને દિવસે કફોડી બની રહી છે. દેશની જાહેર ક્ષેત્રની બેંકોની નોન પર્ફોર્મિંગ એસેટ્સ કે બેડ લોન્સમાં સતત વધારો થઈ રહ્યો છે. જાહેર ક્ષેત્રની બેંકોની ૨૦૧૭-૧૮માં કુલ ખોટ રૂ. ૮૭,૩૫૭ કરોડ નોંધાઈ છે. આ વર્ષે જાહેર ક્ષેત્રની બેંકોમાં સૌથી વધુ નુકસાન પંજાબ નેશનલ બેંકે ભોગવવું પડ્યું છે, જ્યારે તેના પછી આઈડીબીઆઈ બેંકનો નંબર આવે છે.

## નીરવ મોદીના કૌભાંડને પગલે પીએનબીને સૌથી વધુ રૂ. ૧૨,૨૮૨ કરોડ અને આઈડીબીઆઈને રૂ. ૮,૨૮૭ કરોડની જંગી ખોટ

પંજાબ નેશનલ બેંકને નીરવ મોદીના | ૫,૧૫૮.૧૪ કરોડની જંગી ખોટ નોંધાવી | રાજ્ય સરકારો હસ્તકની જાહેર ક્ષેત્રની